# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-06-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

**નમસ્કાર,આકાશવાણી,**

---

OPENING SIGNATURE TUNE

સમાચાર અનિલ પટેલ વાંચે છે.

**મુખ્ય સમાચાર**

(મ્યુઝિક અંડરપ્લે)

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર રહેલા ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા સાથે વાતચીત કરી.

3) ભારતે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોનાં મૃત્યુદરમાં 78 ટકાનો ઘટાડો હાંસલ કર્યો.

4) અમેરિકાની સેનેટનો રેમિટન્સ ટ્રાન્સફર ટેક્સ 3.5 ટકાથી ઘટાડીને એક ટકા કરવાનો પ્રસ્તાવ.

5) મહિલા ક્રિકેટમાં, ભારતે ટ્રેન્ટ બ્રિજ ખાતે પાંચ મેચની શ્રેણીની પ્રથમ ટી-20 મેચમાં ઇંગ્લેન્ડને 97 રનથી હરાવ્યું.

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 123મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃપ્રસારણ કરાશે.

# SHUMBHANSU PM TALK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર રહેલા ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા સાથે વાતચીત કરી. શ્રી મોદીએ કહ્યું કે તમે ભારતથી સૌથી દૂર છો, પરંતુ ભારતીયોના હૃદયની સૌથી નજીક છો અને તમારી યાત્રા એક નવા યુગની શુભ શરૂઆત છે.

તેમણે કહ્યું કે પરિક્રમા એ ભારતની સદીઓ જૂની પરંપરા રહી છે અને તમને ધરતી માતાની પરિક્રમા કરવાની એક દુર્લભ તક મળી છે. શ્રી મોદીએ શ્રી શુક્લાને હૃદયપૂર્વક અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

**(BYTE PM WISHES TO SHUBHANSU)**

ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાએ કહ્યું કે તેઓ ભારતનું પ્રતિનિધિત્વ કરવાનો ગર્વ અનુભવે છે. પ્રધાનમંત્રી મોદી સાથેનો પોતાનો અનુભવ વહેંચતા કેપ્ટન શુક્લાએ કહ્યું કે જ્યારે તેઓ બાળક હતા, ત્યારે તેમણે ક્યારેય વિચાર્યું ન હતું કે તેઓ અવકાશયાત્રી બની શકશે. કેપ્ટન શુક્લાએ કહ્યું કે પ્રધાનમંત્રીના નેતૃત્વમાં આજનું ભારત ભારતના લોકોને તેમના સપના પૂરા કરવા માટે ઘણી તકો પ્રદાન કરે છે. અવકાશ મથકમાંથી ભારત કેવું લાગે છે એ અંગે શ્રી શુક્લાએ પ્રધાનમંત્રી મોદીને આ મુજબ જણાવ્યુઃ

**(BYTE SHUBHANSHU ON INDIA)**

# MANDAVIYA SOCIAL PROTECTION

શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે સામાજિક સુરક્ષા કવરેજમાં ઐતિહાસિક ઉછાળો જોયો છે. તે હવે સમગ્ર દેશમાં 94 કરોડથી વધુ નાગરિકો સુધી પહોંચી ગયું છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, ડૉ. માંડવિયાએ એક મજબૂત અને સર્વસમાવેશક સામાજિક સુરક્ષા માળખાનાં નિર્માણમાં ભારતની પરિવર્તનકારી યાત્રાની પ્રશંસા કરવા બદલ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના ડીજી, ગિલ્બર્ટ હૌંગબોનો આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી હોંગબોએ કહ્યું છે કે, ભારતનું સામાજિક સુરક્ષા કવરેજ 2019માં લગભગ 25 ટકાથી વધીને 2025માં 64 ટકા થયું છે.

## MORTALITY RATE

ભારતે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોનાં મૃત્યુદરમાં 78 ટકાનો ઘટાડો હાંસલ કર્યો છે, જે વૈશ્વિક ઘટાડાના 61 ટકાને વટાવી ગયો છે.

સંયુક્ત રાષ્ટ્રની એજન્સીનાં બાળ મૃત્યુદર અંદાજ, 2024નાં અહેવાલ અનુસાર, નવજાત મૃત્યુદરમાં પણ 70 ટકાનો ઘટાડો થયો છે, જ્યારે વૈશ્વિક સ્તરે તે 54 ટકા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, રસીના વ્યાપમાં વધારો કરવા પર સતત ધ્યાન કેન્દ્રિત કરીને, ભારતે વંચિત વસ્તી સુધી પહોંચવા માટે સક્રિય અને સર્વસમાવેશક અભિગમ અપનાવ્યો છે.

## STATATICS DAY

આજે આંકડાશાસ્ત્ર દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આંકડાશાસ્ત્ર અને આર્થિક આયોજન શ્રેત્રનાં પ્રણેતા પ્રસાંતા ચંદ્રા મહાલાનોબિસની જન્મતિથીની ઉજવણી કરવા દર વર્ષે આ દિવસ ઉજવવામાં આવે.

આ વર્ષનાં આંકડાશાસ્ત્ર દિવસની વિષયવસ્તુ છે- ‘નેશનલ સેમ્પલ સર્વેનાં 75 વર્ષ.’

**આ પ્રસંગે નવી દિલ્હીમાં આયોજિત કાર્યક્રમનું ઉદઘાટન આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયનો સ્વતંત્ર હવાલો સંભાળતા રાજ્ય મંત્રી રાવ ઇન્દ્રજીતસિંહ કરશે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# LADAKH - TOURISM FESTIVAL

**ખગોળીય પર્યટન અને વિજ્ઞાન સંલંગ્ન પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે લેહ ખાતે આયોજિત પ્રથમ લદ્દાખ એસ્ટ્રો ટૂરિઝમ ફેસ્ટિવલનું ગઈકાલે સમાપન થયું. પ્રવાસન વિભાગ દ્વારા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ બેંગ્લોરના સહયોગથી ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું હતું.**

**બે દિવસ સુધી ચાલેલો આ તહેવાર ઊંચાઈવાળા વિસ્તારો, શુષ્ક હવામાન, ઓછામાં ઓછા પ્રકાશ પ્રદૂષણને કારણે લદ્દાખને ખગોળીય પ્રવાસન માટેનાં મુખ્ય સ્થળ તરીકે પ્રોત્સાહન આપવા માટેની અગ્રણી પહેલ છે.**

ભૌગોલિક પરિસ્થિતિને કારણે લદ્દાખ સ્વચ્છ આકાશને કારણે તારાઓ, આકાશગંગા અને અન્ય આકાશી અજાયબીઓના નિરીક્ષણ માટે આદર્શ સ્થળ છે. ફેસ્ટિવલ દરમિયાન ઈસરો અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ એસ્ટ્રોફિઝિક્સના ખગોળ ભૌતિકશાસ્ત્રીઓ તથા લેહ ખાતેની કાશ્મીર યુનિવર્સિટીનાં નિષ્ણાતો દ્વારા પ્રવાસીઓને તારા અને અવકાશ અંગેની માહિતી પૂરી પાડવામાં આવી હતી.

# US-TAX

અમેરિકાની સેનેટે રેમિટન્સ ટ્રાન્સફર ટેક્સને 3.5 ટકાથી ઘટાડીને માત્ર એક ટકા કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ નિર્ણયથી બિનનિવાસી ભારતીયોને મોટી રાહત મળશે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના 'વન બિગ બ્યુટીફુલ બિલ એક્ટ'ના સુધારેલા ડ્રાફ્ટ હેઠળ, બેંક ખાતાઓમાંથી ટ્રાન્સફર અને અમેરિકા દ્વારા જારી કરાયેલા ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડને આ નિર્ણયમાં બાકાત રાખવામાં આવ્યા છે.

આ કર હવે માત્ર રોકડ, મની ઓર્ડર, કેશિયર્સ ચેક અને સમાન સાધનો પર લાગુ થશે. શરૂઆતમાં 5 ટકાની દરખાસ્ત કરવામાં આવી હતી, જેને હાલનાં ઘટાડા પહેલાં 3.5 ટકા કરવામાં આવ્યો હતો. નવું કરવેરાનું માળખું એક જાન્યુઆરી, 2026થી અમલમાં આવશે.

# CRICKET WOMEN T 20

મહિલા ક્રિકેટમાં, ભારતે ગઈકાલે રાત્રે નોટિંગહામના ટ્રેન્ટ બ્રિજ ખાતે પાંચ મેચની શ્રેણીની પ્રથમ ટી-20 મેચમાં ઇંગ્લેન્ડને 97 રનથી હરાવ્યું હતું. ભારતે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 210 રન બનાવ્યા હતા. સ્મૃતિ મંધાનાએ 62 બોલમાં 112 રન બનાવી ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાની પ્રથમ સદી નોંધાવી હતી.

હર્લીન દેઓલે 43 રન બનાવ્યા હતા. ઇંગલેન્ડ વતી લૌરેન બેલે ત્રણ વિકેટ ઝડપી હતી. જવાબમાં ઇંગલેન્ડ 14.5 ઓવરમાં 113 રન બનાવી ઓલઆઉટ થઈ ગયું હતું. બ્રન્ટે 42 બોલમાં 66 રન કર્યા હતા. ભારત વતી શ્રી ચારાણીએ ચાર વિકેટ લીધી હતી. સ્મૃતિ મંધાનાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

# FIH-HOCKEY

મહિલા હોકીમાં, એફઆઈએચ પ્રો લીગમાં ગઈ કાલે ચીને બર્લિનમાં ભારત સામે 3-0 થી જીત મેળવી હતી. આ સાથે ભારત સ્પર્ધામાંથી નીકળી જવાની અણી પર આવી ગયું છે.

ટેબલમાં નવમા ક્રમે રહેલાં ભારતની આશા અન્ય મેચોનાં પરિણામ પર અને આજે ફરી એક વાર ચીન સામે રમાનારી મેચ પર છે.

# IMD WEATHER

હવામાન વિભાગે આજે ગુજરાતના સૌરાષ્ટ્ર-કચ્છ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, બિહાર, હરિયાણા, ચંદીગઢ અને ઉત્તરાખંડમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આગામી છ દિવસ ગુજરાત, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રનાં ઘાટ વિસ્તારોમાં પણ ભારેથી અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

હવામાન વિભાગે આવતીકાલે ઉત્તરાખંડ અને ઉત્તરપ્રદેશમાં છુટાછવાયા વિસ્તારોમાં અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નીકીતા શાહ

1) પીએમ મોદીનો અવકાશયાત્રી શુભાંશુ સાથેનો સંવાદના સમાચારોને તમામ અખબારોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે
2) આ સાથે ઈ વોટીંગ ના સમાચારની હેડલાઇન ગુજરાત સમાચારે અને ફૂલછાબે બનાવી ને લખ્યું છે...દેશમાં ઈ વોટિંગ યુગનો પ્રારંભ બિહારમાં ઘર બેઠા મોબાઇલ થી મતદાન...
3) ગુજરાત સમાચારે...ભારત અવરોધો નહીં હટાવે તો **25%** ટેરીફ : ટ્રમ્પ ની ધમકી ને મુખ્ય શીર્ષક બનાવ્યું છે
4) નવ ગુજરાત સમયનું મુખ્ય શીર્ષક છે... બાંગ્લાદેશ પર ભારતનો આર્થિક પ્રહાર શણ-ફાઇબરની આયાત નિયંત્રિત...
5) આ સાથે શેફાલી જરીવાલાના નિધનના સમાચારને પણ તમામ અખબારોએ પ્રથમ પેજ પર લીધા છે.
6) દિવ્ય ભાસ્કરે .. **AI** હે તો સેફ હૈ.. મથાળા હેઠળ રથયાત્રામાં ખોવાય તો તરત શોધી શકાય એ માટે એક સાથે **5,481** બાળકોનું **3,500** કેમેરા દ્વારા એ આઈ થી ટ્રેકિંગ કરાયું...સમાચારને મુખ્ય હેડલાઇન બનાવી છે
7) સ્થાનિક સમાચારોમાં રાજ્યભરમાં પડેલા વરસાદ,કોલ સેન્ટર કાંડ ,પાટીદાર આંદોલન સમિતિના નેતાઓની ગાંધીનગરમાં બેઠક, ૧૩થી વધુ જિલ્લાઓમાં વરસાદનું યેલો-ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું, દિવેલની નિકાસમાં વેગ,એરંડામાં તેજી.. જેવા સમાચારોને સ્થાન અપાયું છે